# TIMES CITY

THE TIMES OF INDIA, AHMEDABAD | SATURDAY, MARCH 13, 2010



GAM RIOTS CASE
NI, JAIDEEP PATEL | 3

FOUR KILLED, 20 INJURED AS BUS RAMS
TRUCK IN CHILODA | 5




st
ty

Doctor, the executive
' the testing laborato-
centre, said, "The lab
e to test the insulation
g material which will
rom at -5 degrees to 62
elsius. There will also
of testing glass as a
material, its strength,
absorb heat, reflection
tion from UV rays."
r component of ener-
cy is checking the air
doors and windows,
with the use of large
nes that are being used

# Maths magician passes away

TIMES NEWS NETWORK




**Prof PC Vaidya was detected with a kidney ailment in January. On Thursday, his condition deteriorated and he passed away at 5 am on Friday. Vaidya was 93**

**Ahmedabad:** Noted mathematician and academician Prof PC Vaidya passed away on Friday. He was 93. He was the first PhD in mathematics from Gujarat.

One of the global experts on Einstein's theory of relativity, he had delivered lectures all over the world on this subject.

A powerful and thought-provoking speaker with a great sense of humour, his contribution to the world of mathematics has been immortalised as 'Vaidya Matrix', pioneered in 1942.

Born at Shahpur in Junagadh, Vaidya did his PhD in mathematics from Banaras Hindu University. The staunch Gandhian was GPSC chairman from 1971 to 1977 and UPSC chairman in 1977-78.


Between 1979 and 81 he was vice-chancellor of Gujarat University. Epitomising the Gandhian philosophy — simple living and high thinking — on the day his VC's term got over he refused to use the official car, and preferred to ride his bicycle back home.

Prof Vaidya was also vice-chancellor of Gandhi Vidyapith, Vedchhi, in Surat. His autobiography book 'Chalk and Duster' was published in Gujarati.

Even after he retired, he returned to the university to teach mathematics to MSc students for many years. Today his legacy is global with his students making their marks in various countries. His 45-year-old 'Ganit' magazine, is still a hit among budding mathematicians.

He was detected with a kidney ailment in January. On Thursday, his condition deteriorated and he passed away at 5 am on Friday.

He leaves behind four daughters. Three of his daughters conducted his funeral rites. The fourth daughter is abroad.



## I-T raids yield cash, jewellery

The I-T raids on a real estate developer continued for the second day on Friday. Officials said that Rs25 lakh was seized during the search and survey operation on Jai Ambe Developers in Mumbai.




# Last chapter of 'Chalk and Duster' ends...

### Veteran Gandhian and mathematician Prof PC Vaidya passes away

**Paras K Jha**

While for some teachers 'Chalk and Duster' are only tools for teaching, for Prof Prahlad Chunilal Vaidya (popularly known as PC Vaidya) 'Chalk and Duster' were tools to lead his life in such a way that it could be the title of his autobiography. But the last chapter of this great teacher's life came to an end with his demise on March 12 morning. He was 93.



PC Vaidya

Prof Vaidya lived a life for mathematics and worked at various colleges. He also served as a member and then chairman of the Gujarat Public Service Commission and member of Union Public Service Commission. He was also a great follower of Gandhian philosophy. Even at the age 80, he used to ride a bicycle, like he had done throughout his life. It was not only about being physically fit by riding bicycle, but living with simplicity in consonance with Gandhian philosophy. He was appointed the vice-chancellor of Gujarat University in 1979. "Once a teacher always a teacher" was very apt for him.

Prof NR Ladhawala, head of the mathematics department in Gujarat University, recalls, "When I joined the department in 1979, he was the vice-chancellor of the university. Despite his busy schedule, he regularly used to visit the mathematics department and meet students and professors. It would be surprising for many, but he had kept a blackboard in the V-C's office. If any student used to approach him for some mathematical problem, he would teach him in his office."

Apart from teaching, his contribution to mathematical research is also significant in the world. His research work is known as 'Vaidya Matrics', which is cited across the world in the study of flow of radiation in the universe. Prof Vaidya also tirelessly worked to make mathematics popular in society.

Talking about his contribution in making mathematics popular in Gujarat, his nephew and mathematician Prof. Arun Vaidya said, "He had started Gujarat Ganeet Mandal and a mathematics magazine 'Suganeetam' which is being published even after 45 years."

Prof. AR Rao, a veteran mathematician, said, "He had played a very crucial role in the introduction of modern mathematics from primary schools to the college level.

# Mathematician PC Vaidya dead

## The ex-GU vice chancellor's solution to Einstein's equations on radiation earned him global fame

AHMEDABAD MIRROR BUREAU


Former Gujarat University vice chancellor P C Vaidya passed away on Friday. The renowned mathematician and science educator was in his late 90s.

Vaidya's solution to Einstein's equations which describe the gravitational field of a star emitting a great deal of radiation earned him global repute.

Einstein's theory of gravity is described by a set of rather complicated equations which use mathematics of Riemannian geometry. Till the year 1942, mathematicians had a tough time in finding solution to this, when Vaidya pioneering work, known as "Vaidya Metric" led to the solution.

A true Gandhian, Vaidya will also be remembered for wearing a Gandhi cap and riding bicycle to the university department.

Vaidya was instrumental in starting the Gujarat Mathematics Society.



His solution to Einstein's equations is known as 'Vaidya Metric'

સુંદર દ્રશ્ય લાગતું હતું. (તસવીર : ગૌતમ મહેતા)

## ગુજરાત યુનિ.ના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર ડૉ. પી.સી.વૈદ્યનું અવસાન

# કુલપતિ બન્યા પછી પણ સાઇકલ લઇને યુનિવર્સિટી જતા હતા

અમદાવાદ,શુક્રવાર

ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર, ગુજરાત પબ્લીક સર્વિસ કમીશનના ભૂતપૂર્વ ચેરમેન અને ગાંધી વિદ્યાપીઠના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર ડો.પી.સી.વૈદ્યનું આજે ૯૧ વર્ષની વયે અવસાન થયું છે. ગુજરાતમાં ઉમાશંકર જોષી અને ફાધર વાલેસના યુગના શિક્ષણ ક્ષેત્રના ગાંધીવાદી દિગ્ગજ અને ગણિત વિષયના વિદ્વાન પ્રો. વૈદ્ય સાહેબ જીવનના છેલ્લા દાયકા સુધી વિદ્યાર્થીઓને ગણિત વિષય શીખવવામાં કાર્યરત હતા. શ્રી વૈદ્ય ગુજરાતના પ્રથમ એવા વાઇસ ચાન્સેલર હતા કે જેમણે કુલપતિની ઓફિસને જ કલાસરૂમ બનાવી દીધો હતા.

## વૈદ્ય સાહેબ કહેતા : ગણિત શીખવવું અઘરું હોઇ શકે પણ શીખવું સહેલું છે

ગાંધીવાદી વિચારધારાને વરેલા અને સંપૂર્ણ જીવન ગાંધીવાદી તરીકે જ વ્યતિત કરનારા ડો.પી.સી.વૈદ્ય ૧૯૭૯થી ૧૯૮૧ સુધી એટલે દોઢ વર્ષ સુધી ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે રહ્યા હતા. ગણિત વિષયમાં રસ ધરાવતાં વિદ્યાર્થીઓ તેમને મળવા માટે આવે ત્યારે અઘરી થિયરી સમજાવી શકાય તે માટે તેઓએ કુલપતિની ઓફિસમાં બ્લેકબોર્ડ મુકાવી દીધું હતુ. વિદ્યાર્થીઓને આ ઓફિસમાં જ ભણાવતાં હતા.

ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગના વડા થયા ત્યારથી માંડીને જીવનના અંતિમ વર્ષો સુધી તેઓ નિયમિત ગાંધી ટોપી પહેરીને ઉંચી કાળી સાયકલ લઇને યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને ગણિત ભણાવવા માટે આવતાં હતા.

શ્રી પીસી વૈદ્ય નિખાલસતાથી કબૂલતા


### પીસી વૈદ્યની 'વૈદ્ય મેટ્રિક'ની શોધની આજે પણ બોલબાલા છે

હતા કે ગણિત અઘરો વિષય છે. તેઓ કહેતા કે જો હું ગણિતને અઘરો વિષય ન કહું તો ખોટો કહેવાઉં કારણકે લોકો ભાષાના ટ્યૂશન


BANK OF BARODA
1200 P.O. / 3500 Clerk
બેંકના અધિકારી દ્વારા બેંકની પરીક્ષા માટે સંપૂર્ણ માર્ગદર્શન અને તૈયારી
એજ્યુ - સ્ટાર ઇન્સ્ટીટ્યુટ
B-104, ગણેશ પ્લાઝા, નવરંગપુરા બસ સ્ટેન્ડ ની સામે, નવરંગપુરા, અમદાવાદ.
66052489, 9725695635


રાખતા નથી પણ ગણિતના રાખે છે. પરંતુ મારે એ કહેવું જોઇએ કે ગણિત શીખવવું અઘરૂં હશે પણ શીખવું અઘરૂં નથી. શ્રી વૈદ્યે આ જ વાતને અનુસરીને યુનિવર્સિટીમાં ગણિત વિભાગના વડા બન્યા પછી શિક્ષકો માટે ગણિતની તાલીમ શરૂ કરાવી હતી. પ્રો. વૈદ્યે જગદીશ ચંદ્ર બોઝે કહેલી એક વાત જીવનમાં ઉતારી હતી કે શિક્ષકે એવી રીતે વર્તવું જોઇએ કે તે વિદ્યાર્થીઓ માટે આદર્શ બને. અને શિક્ષક એવો હોવો જોઇએ કે જ્યારે નોટબુક કે પાઠયપુસ્તક ન હોય ત્યારે પણ તે શિક્ષક રહેવો જોઇએ.

પ્રો. પીસી વૈદ્યે પ્રોફેસર નારલીકર અને શ્રી હોમી ભાભા સાથે કામ કર્યું હતું. ડો. વિક્રમ સારાભાઇએ તેમને સાઠના દશકમાં



જમવા બોલાવ્યા પછી તેમની સાથેના દીર્ઘ સંબંધો બાદ અમદાવાદમાં વિક્રમ સારાભાઇ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની સ્થાપના થઇ હતી જેમાં દેશની સૌ પ્રથમ ગણિતની લેબોરેટરી સ્થપાઇ હતી. સ્વાતંત્ર્ય સેનાની તરીકે શ્રી વૈદ્ય અહિંસક સંઘમાં જોડાયા હતા. તે પછી બનારસમાં પ્રો. નારલીકર સાથે કામ કરતા તેમણે વૈદ્ય મેટ્રિકની શોધ કરી હતી. 'વૈદ્ય મેટ્રીક'નો પ્રથમ વિચાર તેમને મહાત્મા ગાંધીના ઉપવાસના અઢારમા દિવસે ગાંધીજી વિશે સમાચાર જાણવા, છાપાની રાહ જોતાં આંટાફેરા મારતા મારતા આવ્યો હતો. વૈદ્ય મેટ્રિક આ પછી તો વિશ્વ આખામાં એસ્ટ્રોફીઝીક્સ અને હાઇડ્રોનોમિક્સના ક્ષેત્રે આજે પણ પાયાના સિદ્ધાન્ત તરીકે વપરાય છે. આજે પણ ઇન્ટરનેટના સર્ચ એન્જીનમાં વૈદ્ય મેટ્રીક લખતા જ દેશ વિદેશમાં તેના આધારે થયેલા સંશોધનોના હજારો રિઝલ્ટ પ્રાપ્ત થાય છે. વલ્લભ વિદ્યાનગરમાં બિરલા વિશ્વકર્મા કોલેજનું ઉદ્દઘાટન પંડિત જવાહરલાલ નહેરૂએ કોલેજની છત નહતી બની ત્યારે કર્યું હતું. આ છત વગરની કોલેજમાં પ્રો. વૈદ્ય એવું રસપૂર્વક ભણાવતા કે વૈદ્ય સાહેબની ગાંધી ટોપી જ અમારી છત છે એમ વિદ્યાર્થીઓ કહેતા!

જૈફ વયના કારણે આજે શુક્રવારે સવારે ૫ વાગે તેમનું અવસાન થયું હતું. તેમનું બેસણું આગામી રવિવારે સાંજે ૫-૩૦ કલાકે પાલડી વિસ્તારના શારદાનગરના સાંસ્કૃતિક હોલમાં રાખવામાં આવ્યું છે.


FREE DEMO GujCET + AIEEE
▶ બોર્ડના રેન્કર વિદ્યાર્થીઓની MCQ Solve કરવાની સરળ-વૈજ્ઞાનીક-ઝડપી ટેકનીકનું રહસ્ય જાણો અને શીખો
▶ ગયા વર્ષે આ પદ્ધતીથી નબળા-હોશીયાર વિદ્યાર્થીઓએ ગુજકેટમાં 100 થી વધુ ગુણ મેળવી ઓલ ઓવર પરિણામ ઉંચું મેળવેલ છે.
Get 100 + / 120 in GujCET 110% ગેરંટી
Chem. + Phy. Textbook સાથે લાવવી
13 માર્ચ / 14 માર્ચ / 15 માર્ચ — સવારે 10 થી 12.30 અથવા સાંજે 5 થી 7.30
Siddharth Patel
M.Sc., B.Ed., (Gold Medalist)
Mastery in all Sub. Since 12 yrs.
☎ 9879037177 8000609932
ઓફિસ : 302, Shilp Corner, Subhash Chowk, Gurukul Rd., Ahmedabad


## સુરતમાં જમીનના બોગસ દસ્તાવેજો કરનાર

# ભૂતપૂર્વ ધારાસભ્ય ધીરૂ ગજેરાના ભાઇ ચુની ગજેરા રિમાન્ડ પર

સુરત,શુક્રવાર


સુરતમાં કતારગામની રામજીકૃપા રો હાઉસની કરોડો રૂપિયાની જમીન બોગસ દસ્તાવેજોના આધારે પચાવી પાડવાના કાવતરામાં ભૂતપૂર્વ ધારાસભ્ય ધીરૂ ગજેરાના ભાઇ ચુની ગજેરાની ધરપકડ કરી. ક્રાઇમ બ્રાન્ચે આજે આરોપીને કોર્ટમાં રજૂ કરતાં જુદા જુદા ૧૯ પ્રકારના કારણોસર ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી જેની સામે કોર્ટે ત્રણ દિવસના

# ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ.વૈદ્યનું અવસાન

## ■ સાપેક્ષવાદ પર કામ કરવા બદલ એવોર્ડ મળ્યો હતો

અમદાવાદ, તા.૧૨

રાજ્યની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને પ્રખર ગણિતજ્ઞ અને પ્રામાણિકતા તેમજ નૈતિકતાનો પર્યાય ગણાતાં એવા ડૉ.પી.સી.વૈદ્યનું આજે ૯૧ વર્ષની જઈફ વયે અવસાન થયું હતું. શિક્ષકનું જીવન કેવું હોવું જોઈએ તેનું જવલંત ઉદાહરણ એવા ડૉ.વૈદ્યનું આજે સવારે પાંચ કલાકે તેમના નિવાસસ્થાને અવસાન થયું હતું. તેમનું ઉઠમણું આગામી રવિવારે તા.૧૪ માર્ચના રોજ સાંજે પાંચથી સાડા છ કલાક દરમિયાન પાલડીના શારદાનગર સાંસ્કૃતિક હોલમાં રાખેલ છે.



ડૉ.વૈદ્યનો જન્મ તા.૨૩-૩-૧૯૧૮માં થયો હતો. ગુજરાત યુનિવર્સિટીના સાતમા કુલપતિ તરીકે તેમણે ૧૯૭૯થી ૧૯૮૧ દરમિયાન સેવા આપી હતી. તે પહેલા યુનિવર્સિટીના ગણિત વિભાગના વડા તરીકે તેમણે સેવા આપી હતી અને કવિ ઉમાશંકર જોષીના લંગોટિયા મિત્ર હતા. ગણિતમાં તેમની પ્રવીણતા એવી હતી કે, તેઓ ગણિતનો પર્યાય ગણાતા હતા. રાજ્યમાં ગણિત ક્ષેત્રે તેમનું નોંધપાત્ર પ્રદાન છે. આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદમાં મહત્ત્વના પ્રદાન બદલ તેમને ડૉ.વિક્રમભાઇ સારાભાઇ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક એવોર્ડ મળ્યો હતો. જોકે તે અલગ બાબત છે કે તેમણે ક્યારેય તેમના જીવનમાં એવોર્ડને મહત્ત્વ આપ્યું નથી. તેઓ હંમેશાં એક શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા આતુર રહેતા હતા.

# ડૉ. પી. સી. વૈદ્યને રાજ્યપાલ તથા મુખ્યમંત્રીની સ્વ. શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, શનિવાર

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. પી. સી. વૈદ્યના નિધન પર રાજ્યપાલ ડૉ. કમલાજી તથા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રધ્ધાંજલી અર્પણ કરી છે.

રાજ્યપાલે જણાવ્યું છે કે ગાંધીવાદી સ્વ. ડૉ. પી. સી. વૈદ્યે કુલપતિ તરીકે ઉજ્જવળ પરંપરાઓ પ્રસ્થાપિત કરી શિક્ષણ ક્ષેત્રમાં યશસ્વી યોગદાન પ્રદાન કર્યું હતું.

મુખ્યમંત્રીએ શ્રધ્ધાંજલી આપતાં જણાવ્યું છે કે કેળવણીની સાધના માટે આજીવન સમર્પિત રહેલા સ્વ. પી. સી. વૈદ્ય આદર્શ શિક્ષણને પ્રેરણા આપે તેવું યોગદાન આપ્યું છે. 'વૈદ્ય ગણિત' ને સમાજની ભેટ ધરીને ગુજરાતને વિશ્વમાં પ્રતિષ્ઠા અપાવી હતી.